લોકોપયોગી સસ્તુ સાહિત્ય
ગ્રંથ ત્રીજો.

કવિવર પ્રેમાનંદના શિષ્ય
હરિદાસ કૃત

અગ્નિમંથનકાષ્ઠહરણ.

પ્રકાશક,
શ્રી ગુજરાત ઓરીઅન્ટલ બુકડીપો.
રતનપોળના નાકે,—અમદાવાદ.

"સત્યવિજય" પ્રેસ.—અમદાવાદ.

સને ૧૯૦૮. કીંમત બે આના.

લોકોપયોગી સસ્તું સાહિત્ય
ગ્રંથ ત્રીજો.

કવિવર પ્રેમાનંદના શિષ્ય

હરિદાસ કૃત

અગ્નિમંથનકાષ્ટહરણ.

પ્રકાશક.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુકડીપો.

રતનપોળના નાકે,—અમદાવાદ.

૧૯૦૮.

કીંમત. બે આના.

શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

પ્રસ્તાવના.

ઇંગ્રેજી તેમજ બીજી ભાષામાંથી મહાન્ કવિઓના કાવ્યના અમુક અમુક ભાગો, ટુંકા છતાં ઉપયોગી ખુલાસા સાથે ઘણી પુસ્તપ્રસારક કે પુસ્તકપ્રકાશક મંડળીઓ છપાવી બહાર પાડે છે. તેવીજ રીતે ગુજરાતી ભાષાના ઉત્તમ કવિમાંનાં અમુક અમુક કાવ્યોના અમુક અમુક રસિક અને બોધક ભાગ ખાસ જુદા કાઢી તેને નાના પુંસ્તકના રૂપમાં બહાર પાડવામાં આવ્યા છે. નાનાં, સસ્તાં, અને ઉપયોગી પુસ્તકો વાંચવા જનસમૂહ વધારે લલચાય છે, એ નિર્વિવાદ છે. આવાં પુસ્તકોથી ગુજરાતી સાહિત્ય વાંચવા ગુર્જર પ્રજા આકર્ષાશે, અને તેઓ ગુજરાતી સાહિત્યની કદર કરવા લાગશે, એવી આશા રાખી શકાય છે. નિશાળોમાં ચલાવવા જેવાં ગુજરાતી કવિતાનાં સસ્તાં અને સારાં પુસ્તકોની મોટી ખોટ છે, એ તો દેખીતુંજ છે. પ્રકાશકનો ઉદ્દેશ તેવી ખોટ પૂરી પાડવાનો છે. ગુજરાતી ભાષાની કદર થવા લાગી છે, એ દેશોન્નતિનું આશાભર્યું અને ઉજમાળું ચિહ્ન છે. ગુજરાતી ભાષાને એમ. એ. જેવી પરીક્ષામાં પણ સ્થાન આપવામાં આવ્યું છે, અને મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં પણ ગુજરાતી ફરજીઆત દાખલ કરેલું છે, તેથી આપણી માતૃભાષા બીજી ભાષાની બરાબરી કરવામાં હવે પછાત નહિ પડે એવી આશા રાખી શકાય છે.

ઇંગ્રેજી તેમજ ગુજરાતી શાળાઓના છોકરાઓ આ નાનાં પુસ્તકો વાંચી, તેમાંથી જ્ઞાન, બોધ, અને આનંદ મેળવશે, એવી આશા છે.

કર્ત્તા.

અગ્નિમંથનકાષ્ઠહરણ.

કવીશ્વર પ્રેમાનંદના કવિપુત્ર વલ્લભના યક્ષપ્રશ્નોત્તર નામના ગ્રંથમાંથી આ ભાગ પસંદ કરી લીધો છે. અગ્નિમંથનકાષ્ઠહરણમાં પણ પૂરો ભાગ આપ્યો નથી; માત્ર પાંચસો લીટીમાં તેનો જેટલો ભાગ આવી શકે તેટલો આપવામાં આવ્યો છે. મહાભારતમાં વ્યાસે અગ્નિમંથનકાષ્ઠહરણનો પ્રસંગ વર્ણવ્યો છે. આખી કથા નીચે પ્રમાણે છે. પાંચ પાંડવો જે વનમાં રહેતા હતા, તે વનના કોઇએક બ્રાહ્મણે આવી યુધિષ્ઠિરને વિનતિ કરી કે મારાં અગ્નિમંથન કરવાનાં લાકડાં—જૂના કાળમાં દીવાસળી ન હતી, ત્યારે બે લાકડાંને સામસામે ઘસી અગ્નિ ઉત્પન્ન કરવામાં આવતો—એક હરણ શીંગડે ભરાવી લઇ ગયું છે. આપ બ્રાહ્મણનું દુઃખ ટાળનાર છો, તો તે લાકડાં આણી આપો. યુધિષ્ઠિર અને બીજા ચાર પાંડવોએ તે વનમાં તે હરણને પકડવા ઘણો યત્ન કર્યો, પણ હરણ હાથ આવ્યું નહિ, અને ઉનાળાના દિવસોમાં બપોર થઇ જવાથી તેઓ ઘણા તરસ્યા થયા. પાણીનો શોધ કરતાં કરતાં એક સરોવર નજરે પડ્યું. તે ઉપરથી એક પાંડવ પાણી પીવા જાય છે, કે ત્યાં આગળ રહેતા એક યક્ષે કહ્યું કે મારા પ્રશ્નનો ઉત્તર દઇને પછી પાણી પી; જો ઉત્તર દીધા વિના પાણી પીશ, તો તું મરણ પામીશ. આ વાતની તે પાંડવે દરકાર નહિ કરી અને પાણી પીધું કે તે મરણ પામ્યો. પાણી લેવા ગએલા પાંડવને આવતાં આટલી બધી વાર કેમ થઇ તેનો તપાસ કરવા બીજા ત્રણ પાંડવો એક પછી એક એમ ગયા તેઓને પણ યક્ષે ચેતવણી આપી. તેઓએ પણ યક્ષનું માન્યું નહિ, અને તેઓ પણ મરણ

પામ્યા. ચાર ભાઈ પાછા ન આવ્યા તે જોઇ તેની શોધમાં છેવટે યુધિષ્ઠિર નીકળ્યા. ત્યાં જઇ જુએ છે, તો ચારે ભાઇનાં શબ પડેલાં દીઠાં. યુધિષ્ઠિર ઘણો શોચ કરે છે. યક્ષે યુધિષ્ઠિરને કહ્યું કે મારા પ્રશ્નના ઉત્તર આપ્યાવિના મારા સરોવરમાંથી પાણી પીધું, માટે તેઓ મરણ પામ્યા છે. તારે પાણી પીવું હોય તો મારા પ્રશ્નના ઉત્તર આપી પાણી પીજે, નહિતો તારી પણ તેવી દશા થશે. યુધિષ્ઠિરે તેના પ્રશ્નના ઉત્તર આપવા હા પાડી તેથી યક્ષે તેને પ્રશ્ન કર્યો, અને યુધિષ્ઠિરે તેના બરાબર જવાબ આપ્યા. યુધિષ્ઠિરની કસોટી કરવા માટે ધર્મરાજાએ યક્ષનું સ્વરૂપ લીધું હતું. યુધિષ્ઠિરે પ્રશ્નના જવાબ આપ્યા, તેથી તેના ચારે ભાઇ જીવતા થયા, અને યક્ષે તેને વરદાન આપ્યું.

અગ્નિમંથનકાષ્ઠહરણ.

દ્વિજ વસતા અપાર, તેમાંના ત્યાં એકકેરૂં,
અગનીમંથનકાષ્ઠ, અરણીસહ ગયું;
વૃક્ષ થડ મધ્ય તેહ, દ્વિજવરે ખોશી રાખ્યું,
મૃગ આવ્યો એક ત્યાંહી, તેને મન શું થયું !
ભાળ ઘસવાનું સૂઝ્યું, જાણે રેખા ભુંશી નાખું,
વન્હિકેરા મંથનનું, કાષ્ઠતો પૂરૂં લચ્યું;
ઘસતામાં ઘસાયું છે, કર્મ ધર્મરાજકેરૂં,
શૃંગમાં ભરાયું કાષ્ઠ, હાથમાં કશું રહ્યું !! ૯૬
કાષ્ઠકેરો માલિક જે, શુદ્ધ હતો કર્મકાંડી,
તેણે જોયું જ્યારે એહ, નાઠો મૃગપૂઠે તે;
ઊભો રહે ઊભો રહે, નીકર હું શાપું આજ,
લાજ લાવ્ય મન માંહી, દ્વિજવર રૂઠતે;
જો અલ્યા અંજલિ લઉં, બાળી ભસ્મ કરૂં આજ,
કાજ કથળ્યું છે તારૂં, જાણ્યું નવ ઊઠતે;
જો અલ્યા હું થાકી ગયો, પડી ગયો વારવાર,
વલ્લભ કે' વાંકા દિન, ઊઠે પડે લૂઠતે. ૯૭
શાપું શાપું કે'તાં ગયો, નભ માંહી ફાળ દેતો,
કર્ણ થયા ઉંચા એઉ, કાષ્ઠને શું ખાળવા;
અરૂપરૂ જુવે જાણે, કાષ્ઠ નવ પડી જાય,
પુચ્છને દબાવે અતિ, સર્પણ સંભાળવા;
જાણે કરે એડશી એ, હું છું મૃગરાજભક્ષ,
ઊંચું ઊંચું જાય અતિ, કો સમર્થ ટાળવા;
દ્વિજ કહે ખબર હું, તારી તો લેઉંશ અલ્યા,
સામું શિર ધૂણાવે તે, વિપ્ર અરિ બાળવા. ૯૮

બ્રાહ્મણભાઈ બિચારા, તેમાં વળી કર્મકાંડી,
હારી છૂટ્યા નાશી છૂટ્યા, એક મૃગલાથકી;
ચાલ્યું નવ કાંઇ અને, શોચ તો થયો અથાગ,
ઉત્તર શો ગુરૂને હું, દેઈ ને રહું ટકી;
નિશ્ચે આજ શાપી મુને, કરશે બાળીને ભસ્મ,
કરૂં કશું કારજ હું, જેણે સુણું સુવકી;
વિચાર તો વારવાર, તોય નવ તેને કાંઇ,
ઉપાય તો હાથ થતો, તેણે થાય શું નકી ? ૯૯

એવી અવદશા માંહી, એક મળી આવ્યો મિત્ર,
સુણી લીધી વાત તેણે, પછે પથ દાખિયો,
નૃપ યુધિષ્ઠિર આંહીં, વાસ કરીને વસ્યા છે;
તેની પાસ જઈ માગ્ય, ભાર ભલો ભાખિયો;
રાજી થયો તેહ ત્યારે, ચર્ણું માંહી જોર આવ્યું,
ચાલિયો ચતુર બની, મહાશોક રાખિયો;
પરવર્યો પૂછતો તે પૂરણેંદુ પાસ ગયો,
સુખી નૃપ જોઈ થયો, પછે બોલ નાખિયો. ૧૦૦

*   *   *   *   *   *   *

જાણી લીધા રાજ જયારે, પાસે ગયો તેહ ચાલી,
કહ્યું દુઃખ કાપો દેવ, દિલ અતિશે ડરે;
પાવકમંથનકાષ્ઠ, કુરંગ કપટ કરી,
હરી ગયો ભરી ગયો, દુઃખદવ હા ! ખરે ! !
રે જાણે ગુરૂજી આજ, શાપી ભસ્મ કરે મુને,
ઊઠો ઊઠો ધાવ, મૃગ આપથી નિશ્ચે મરે. ૧૦૧

ચૂંટે શિર કેશ અને, ફૂટે હૃદે વાર વાર,
હાય હાયના ઉચ્ચાર, મુખમાં અપાર છે;
મને લેઈ ગયો હોત, મૃગલો જો મારવાને,
થાત નવ કષ્ટ કદી, આ તો મહાભાર છે;

શાપ દેશે ગુરૂજી ને, થશે વિદ્યા નષ્ટ મારી,
સાં'ય કરો સાયક લૈ, હજીએ આ પાર છે:
નથી ઊઠતા નરેશ, દ્વિજનું ન દુઃખ જાણો,
પોકાર કરૂંછું પૂર, સાં'યમાં આભાર છે! ૧૦૨
નથી માનતા લગાર, શાપ દેઈ ભસ્મ કરૂં,
આવી વશ્યા કોણ કામ, દ્વૈતવનમાં તમે ?
રક્ષણ ન દ્વિજકેરૂં, થાય તમારાથકી જો,
ના કહી દ્યો આણી વાર, સત્ય તો મને ગમે;
ગુરૂ શાપ દેઈ બાળે, નૃપ તું સમો ન પાળે,
જીવી શું કરવું મારે, અંગ અરપું અમે;
આ શિલાની માંય મારૂં, મસ્તક ફોડીને મરૂં,
ડરૂં નહિ દેહ તજું, ઉપવન તું રમે!! ૧૦૩

સાંત્વન.

ચંદનને આગ લાગે, તવ તે સુગંધ આપે,
તપાવે કનકને તો, કાંતિ કરે કારમી;
વીંધે જ્યોરે મૌક્તિકને, મૌલ્ય તે અપાર આપે,
ઘસે ખૂબ વજ્રને તો હૃદેમાં રહે રમી;
જેમ જેમ ચોળે અને, ચુંથે મલ્લિકાને કોઈ,
વાસ ને સુવાસ ભલો, અર્પતી દેહે દમી;
તેમ સજ્જન તમામ, કસોટીએ કસ આપે,
વલ્લભ કે' આ તો હતો, સજ્જનમાં ધારમી. ૧૦૪
એવે સુણી દ્વિજવાણી, કે ઊઠીને ઊભો થયો,
ગયો પાસ ચાલી ઝટ, ધૌમ્યને ગમ્યું નહિ:
બીજા મહામુનિઓને, અવિનય આવ્યો ઉર,
ભીમ ભડ આંખ કાઢે, નૃપ શું કરે જઈ;
નમી દ્વિજવરને તે, કહે ભાઇ શાંત થાઓ,
આશ્રમમાં બેસો અમે, આવું કાષ્ઠને લઇ:

રીઝે ગુરુજી તમારા, પછે કરું કર્મ થાય,
એવું કરું સર્વ આજ, મૃગની પૂઠે જાવ. ૧૦૫
વિપ્ર કહે ડાહી ડાહી, વાતો શી કરોછો તમે,
મૃગલો તો નાઠો જાય, મરવા દીજે મને;
કહે યુધિષ્ઠિર રાય, રથ માંહી બેશી અમો,
સત્વર સાહીશું તેહ, ભલે રખડે વને;
વિપ્ર કહે નહિ આવે, હાથ મુને મરવા દે,
થાય ન કારજ મારૂં, નિશ્ચે કર્યો છે મને;
અર્જુન કે' શાંત થાવ, કાષ્ઠ સહ મૃગ આણું,
અધીરપણું ધરો શું, ચિંતા નથી અમને. ૧૦૬
દ્વિજ કહે તારી નથી, યાંચના મેં કરી કાંઈ,
ધૂરકીને ધાંટો કાઢે, તેહ નહિ સાંભળું;
(એનાં) પરિયાંને પરવડે, કરે તેણે કાજ મારૂં,
ના કરે તો અહીં મારૂં, પાર્થ કે' ત્યારે વળ્યું;
ભીમ કહે કારજ એ કરવાને ઊભા થયા,
પછે આમ શેના લઢો, મન માન્યું તો મળ્યું;
બ્રાહ્મણ કે' ભઠ પડો, અદાતાની પાસ આવ્યો,
ખીજી ખીજી ખુંદી નાખે, દુઃખ તો નહિ ટળ્યું ! ૧૦૭
નકુલ ને સહદેવ, કરે પાત્ર આગ્રી સેવ,
તેને કહે દ્વિજદેવ, પૂજા નથી જોઈતી;
ન કરવું કારજ તો, કાઢી દે અહ્યા તું રાય,
આમ સમજાવે શેણે, મતિહીણ હોઈ તી;
ધૌમ્ય કહે જોડાય છે, સભા ઋષિરાજ મોટા,
કહો તમે શાપતાણી, સિદ્ધિ કયહાં ખોઈતી;
કહે માગણ તે વાર, જારઠ તું બેશી રહે,
તારે બાપે ધર્મ જેરી, કોઈ તુંબી બોઈતી. ૧૦૮
અર્જુન કે' વધુ નવ, બોલવું મા'રાજ આજ,

ચશે કારજ તમારૂં, જુઓ રાયની દશા;
ઊભા સારથીની પાસ, કેટલી ત્વરા કરે એ,
અમને ન સોંપે કાજ, તમે મનમાં વસ્યા;
ધૌમ્ય કહે દ્વિજરાજ, કેટલું શીખ્યા છો તમે,
સમય છે માટે કહો, હવે જુઓ એ કસ્યા;
દ્વિજે કૂટયું માથું, ફૂટયું કરમ કે આવ્યો અહીં,
ધરમ તે જોઇ ત્યાંથી, આવિયા ધસ્યા મસ્યા. ૧૦૯
વંદી વિપ્રવરને કે', વાર નથી હવે વધુ,
બધું આ તૈયાર થયું, ગયું દુઃખ દૂર તો;
વિપ્ર કહે મરૂં નિશ્ચે, કારજ ન થાય તુંથી,
પંથ છે વિશાળ તેને, (તું) એકલો શું પૂરતો;
મૃગ જાએ આમ ત્યારે, તું તો ધાઇ મરૂં આમ,
કુથળે છે કાર જ મારૂં, ચિત્ત રહે ચૂર તો;
કહે ધર્મસૂનુ તદા, પંચ બંધુ અમે દ્વિજ,
ચાર દિશે ચાર જાઉં, મધ્યે રહે શૂર તો. ૧૧૦
ધૌમ્ય કહે કાષ્ઠ એને, બીજું અમો આણી દેઉં,
પંચને જવા ન દેઉં, દ્રૌપદી ધરી અહીં,
જયદ્રથ જેવો કોઇ, અન્યાય આવી કરે તો,
કાષ્ઠમાં ગયું શું એનું, બકે છે કંઇ કંઇ;
દ્વિજ કહે નથી મારે, ખપ બીજાનો લગાર,
બ્રહ્મહત્યા દેઉં તને, આજ તો અહીં સહી;
અજાતશત્રુ કહે છે, શાંત થાય દ્વિજરાજ,
સર્વસ્વ જો જાય મારૂં, તોય ના કહું નહિ. ૧૧૧
ના કહી નહિ તેમાં શું, કારજ થયું અમારૂં,
શાપ ગુરૂદેવકેરો, ટળશે એતાથકી?
મરૂંછું મરૂંછું કહે, હસ્ત ઝાલે રાય તેનો,
વારવાર વારે તેમ, વધારે જાયે છકી;

એવો ન વિચાર કાંઇ, ધરમનંદન કરે,
(કે) શાંત થાય શાંત થાય, કારજ કરૂં નકી;
ટાદો પાડી આડો દ્વિજ, રથારૂઢ રાય થયો.
કે આજ્ઞાનુસાર ચાર, રહ્યા રથમાં ટકી. ૧૧૨
વિશ્રામમાં વિશ્રામ લ્યો, કહ્યું એમ દ્વિજને ત્યાં,
પછે કહ્યું ધૌમ્યને, સંભાળજો મહામતિ;
પળ માંહી મારી મૃગ, કાષ્ઠ લેઈ આવું અમો,
દ્વિજરાજને રીઝાવો, જાળવો પછે સતી;
એમ કહી ગયા પાંચ, ચાર દિશા ચાર વળ્યા,
યુધિષ્ઠિર મધ્ય રહ્યા, જોતા મૃગની ગતિ;
કરતાં પરોપકાર, દશા કેવી થઇ પડી,
ચઢી ઘડી કેવી આવી, વર્ણવે કવિ રતિ. ૧૧૩

સારંગશોધ.

પશ્ચિમમાં પાર્થ ગયો, જોતો મૃગકેરાં ઝુંડ,
કાષ્ઠવાળું કોઇ નવ, દેખતો હરણુ તો;
રથારૂઢ ધનુધારી, જોઇ ધીરવીર મૃગ,
નાસે પણ મૂકે નહિ, તુંડનાં તરણુ તો;
મનોરથ થાય જાય, જેમ નિરબળકેરા,
(એમ) કૂદે કરંગ પડે પાછાં આવી ધરણુ તો;
દયા આવે દિલમાંય, અર્જુન મારે ન તેને,
તોયે સંશયવાળાં પામે, ઘણાં મરણુ તો. ૧૧૪
પૂર્વ માંહી પર્વર્યો છે, ભીમ ભડ મૃગ જોવા,
તેણે કર્યો નિશ્ચય તે, હરણુના નાશનો;
અલ્યાં મૃગલાં તમે શું, શાંતિ અમારીજ ટાળી.
સંભારી સંભારી એમ, હરે પ્રાણુ ખાસનો;
કાળિયાર મળે જ્યારે, હરણિઓ રડે અતિ,
અરે હોય કોઇ સ્થળ, જીવ ઠરી આશનો;

મારી મૃગ જુએ પછે, શૃંગ માંહી કાંઇ નથી,
(કે') મારૂં મૃગ બીજો થાય, દીપ તો પ્રકાશનો. ૧૧૫

ઉત્તરમાં નકુલ તો, નાણી નાણીને જુએ છે,
તાણી તાણીને હણેછે, તીરથી કુરંગને;
પાસ જઇ જુએ જ્યારે, કાંઇ નવ દેખે શિર,
મન કચવાય જરા, થાય આશ ભંગનો;
રથમાંય નાખીલિયો, એમ કરે આગન્યા એ,
મટમટાવે મુનિજી, થૈયે સુણી દંગને;
હાય હરણાં બિચારાં, કોણ વા'ર કરે ખરે,
અરે હણે પાળનાર, નવરંગ અંગને; ૧૧૬

દક્ષિણમાં સહદેવ, સાથે દ્વિજ કેરી સેવ,
હરણાં માર્યાની ટેવ, જેને પળ પો'રમાં;
છંદ હતો જેહ તેમાં, પરમાર્થ આવી અડયું,
મરે માદા મૃગ મળ-તી, પૂછે કો સોરમાં;
જો ધાર્યું નિશાન વાગે, તો તો મન મગ્ન થાય,
ચુંથાય છે ચૂકી ગયે, ચિત્ત તો ચકોરમાં;
કિશોર વયનાં કામ, નામ નૃપધારી તણાં,
મનુએ કહ્યાં છે નિશ્ચે, મદિરાના તોરમાં ! ૧૧૭

એમ ચાર તો શિકારી, પુણ્ય બાંધવા ફરે છે,
મઉ જેવાં ત્યાં મરે છે, હરણાં ઘણાં ઘણાં;
ઠીક કર્મકાંડીને તો, બંધાય છે કર્મ રૂડાં,
ગુરૂકેરી આગન્યા શી, પાળતાં બણ્યાં બણ્યાં;
શિવના સરોદામાંય, કે વિધિના વેદમાંય,
હણાયાં જે હરણાં તે, જાય ન ગણ્યાં ગણ્યાં !
તોય અર્થ સધાયો ન, કાંઇ લાભ લધાયો ન,
શિવ ! શિવ ! તૂટ્યાં તાન, મૃગલાંતણાં તણાં ! ! ૧૧૮

યુધિષ્ઠિર જોતા જાય, મધ્યનો પ્રદેશ જયાંય,
કુરંગ કૂદીને નાસે, જોઇ દયાવાનને!
નરસાના કૃત્યથકી, સારા નરસામાં ખપે,
જાણે મૃગયાએ આવ્યા, સારંગ રાજાનને;
જીવ્યાકેરી મૂકી આશ, ભેટે જઇ બાળ પાસ,
ત્રિવિધનો ધારી ત્રાસ, ભાવરના માનને;
યુધિષ્ઠિર મહારાજ, કરે ન અકૃત્ય કાજ,
ખોળે અર્થસિદ્ધિ આજ, વિડારે ન વાનને. ૧૧૯
મૃગ જુએ જાળવીને, પછે જુએ શૃંગકાષ્ઠ,
હોય નવ જયારે તેહ, ત્યારે થાય ચાલતા;
એમ કરતાં ગયા તે, યોજન બે ત્રણ ચાલી,
તોય નવ કાષ્ઠવાળો, મૃગ કાંઇ ભાળતા;
રથમાંની કિંકિણી તે, રવ કરે વાર વાર,
તેહ સુણી મોહ થાય, મૃગ બાળ ટાળતા;
ભયથી સંતાઇ ઘણા, સુણવાને આવે પાસ,
વાટ જતા ઉભા રહે, ચક્ષ ચારૂ ઢાળતા; ૧૨૦
રવ રણકાર અતિ, થાય રથની ગતિથી,
સમ સમ લઇ જાય, સમીર ઉતાવળો;
સુણી તેહ નાર અને, સ્વાદથકી આવ્યા દોડી,
જથા મૃગકેરા ઘણા, હવે સહુ સાંભળો;
હતો તેની માંય એક, શૃંગકાષ્ઠ વાળો મૃગ,
નૃપતિએ જોયો ઝટ, સારથીને કે' વળો;
જેણી દિશા મૃગ હુતો, તેણી દિશા રથ વાળ્યો;
કે કુરંગ નાઠો ઘણો, છળાવ્યો ન એ છળ્યો. ૧૨૧
આગે મૃગ પૂઠે રાય, એમ બંને ચાલ્યા જાય,
મૃગ પકડયો પકડયો, આ પકડયો આજ તો;
એમ આવ્યો હાથ નશ્ર, તવ ધનુ લીધું રાય,

સાંધી બાણુ ને વિચારે, યુધિષ્ઠિર રાજા તો;
કાષ્ઠકેરૂં કાજ એક, તેમાં, મૃગ હણું શાને,
ફાંદો કરી શરકેરો, કરી લેઉં કાજ તો;
એમ ધારી પછે માર્યાં, બાણુ તો પંચાશ ભૂપ,
ભરાયો તે મધ્યે તોય, આવ્યો નવ વાજ તો. ૧૨૨

નીકળીને ગયો નાશી, તદા રાય વિચારે છે,
પાશ કરૂં બીજે પૂરો, એ બિચારૂં શું કરે;
ચારે બાજુ ભીંત કરી, બાણુકેરી રાયજીએ,
પૂરાયો તે મધ્ય મૃગ, રાય શું તેને ધરે;
જાય પાસે ઝાલવાને, એવે ઉછળીને પડયો,
નિરાશી થયો નૃપાળ, તોય અસુ ના હરે;
મારૂં શર એક એવું, શૃંગમાંથી પડે કાષ્ઠ,
પછે ભલે મૃગ જાય, એમ નૃપ ઉચ્ચરે ! ૧૨૩

દયાકેરો દરિયાવ, ધીર વીર પીરહારી,
તકાવતો તીર શિર, ડારવા સારંગને;
જાણુ બાણુ વિદ્યાતણો, આણુ જેની અવનિમાં,
પ્રાણને બચાવી લેવા, તાકતો કુરંગને;
જદા મળ્યાં ત્રણુ તદા, મુદા થઇ માર્યું તીર,
સદા જાય સિદ્ધિએ તે, ફંટાયુ ફલંગને;
ચૂકે કંઇ એવા શર, મૂકે મૃગ જે નિશાન,
રૂકે નહિ રણુ મધ્ય, કિન્તુ દૈવભંગને. ૧૨૪

સણેણાટ કરી શર, છૂટી ગયું મૃગશિર,
દૈવે કરી વક્રગતિ, કાષ્ઠ કાઢવું રહ્યું !
ફરી ગયું શિર તેણે, વાગ્યું મધ્યમાં જઇને,
પોલાણમાં પેશી ગયું, વિપરીત એ થયું;
મહાવીરશરકેરા, બળીથકી વાગ્યું એહ,

ઉંધું થઇ પડયું હર્ણ, નૃપતિએ તે લહ્યું;
અરે રે કહીને રાજ, અશ્વાસન કરે અતિ,
ધરે મતિ કાષ્ઠમાટ, ઊઠીને નાશી ગયું !! ૧૨૫
રથારૂઢ ફરી થયો, ગયો મૃગ પૂઠ રાજ,
ફંદા કરે ફાવતા તે, મૃગલાને ધરવા;
હાથ નવ આવે તોય, રાય દયા લાવે દિલ,
એવે અરજુન મળ્યો, વાટમાંહી વરવા;
કાષ્ઠ વાળો જોયો મૃગ, કે સાંધ્યો સડાક શર,
પૂઠ પડ્યા જેવા રાજ, લાગ્યો તેથી ડરવા;
થાય ન મા'દેવવાળું, એમ પારથે વિચાર્યું,
ચઢાવ્યો જે બાણુ તેણે મૃગ લાવ્યો હરવા. ૧૨૬

(પછે) ધીમે ધીમે ગયો પૂઠે, રાયને રમાડે મૃગ,
દૃગવડે જુએ ધીર, વીર મહારાજને;
ચૂકાવે હરણુ જ્યારે, ત્યારે હસે પાર્થ રહ્યો,
ક્રોધી થાય કેતી વાર, જોઇ રાજકાજને;
એવે મળી આવ્યો ભીમ, જોયો મૃગ ઝટ,
પછે જોયો પૂઠરાજ, રહ્યો આવી વાજને;
એવે અરજુન જોયા, કારજ સંશય ખોયા ?
પૂઠે ચાલ્યો પૂરપણે, દોડાવતો બાજને. ૧૨૭
જોયું જ્યારે રાય કૃત્ય, થયો ત્યારે નિર્ણય તો,
જાણી બૂજી હુણે નહિ, યુધિષ્ઠિર મૃગને;
એના દિલ વિષે દયા, મૃગને કરૂં હું મયા,
એમ વદી રાડ પાડી, કરી ઉંચી દૃગને;
હગમગિયો હરણુ, હાય ! આવ્યું મરણુ આ,
ધરણુ પડીને ઊઠયો, ચાંપી ચાલ્યો પગને;
ધનાઢયના મનોરથ, કે મૃગેંદ્ર જેવી ફાળ,
મારવા લાગ્યો તે કાળ, શાણી જઇ શગને. ૧૨૮

ઓલામાંથી નીકળીને, પડે ચૂલા માંહી જેમ,
તેમ મૃગને થયું ત્યાં, નકુલ સામો મળ્યો !
તેણે કાષ્ઠવાળો મૃગ, જોઇ ખોઇ સંશયને,
ત્યાં શર સંધાન કરી, મારતાં ખાંતે ખળ્યો;
એવે બીજી દિશાએથી, જોયો સહદેવે મૃગ,
રાજાને ન જોયા તેણે, તેથી શું દા'ડો વળ્યો ?
મારિયું સડાક શર, નો'ય નો'ય મૃગ એ તો,
મૃગરાજ રાજમણિ, ચૂલા મધ્યેથી ચળ્યો. ૧૨૯
ઉછળીને ગયો આઘો, સ'દેવ નિશાન ચૂક્યો;
નકુલે નિર્ધાર્યું મન, રાજાને છે ભાવતું;
તેણે માર્યું તાકી તીર, વ્યર્થ ગયું વાટમાં તે,
ભીમ ભડે સા'યુ શર, અરિને લજાવતું;
વ્યર્થ ગયું તેનું જ્યારે, અર્જુને વિચાર્યું મન,
શ્રેષ્ઠપણું દાખવું હું, (જો) હાથ નથી આવતું;
માએ જણ્યો નથી શર, સપૂત કે કપૂત કો,
કાળને ઉલ્લંઘી જાય, કાળ આવ્યે ફાવતું. ૧૩૦
ક્ષત્રીઓનો ધર્મ એ છે, એક જે નિશાન કર્યું,
બીજે તે વેધાય નવ, હોય બેટો બાપજો;
સગો ભાઇ કે પિત્રાઇ, કે ભલે હોયે મોળાઇ,
સગાઇ ન સાઇ જાઇ, હોય ક્ષત્રી આપજો;
નિશાનમાં મહામાન, તાજું થાય ધર્મતાન,
જહાનમાં અપમાન, એવો છે એ તાપજો;
વિચારી વિચારે એતો, અવિચારી ઉર બીજું,
તાતો માતો થાય દ્વિજ, સિદ્ધિ જડી શાપજો. ૧૩૧
એ ધર્મને પાળનાર, મા'દેવને ખાળનાર,
અર્જુને તો તીર તાક્યું, સ્વારથને સાધવા;
લંક મરડીને પછે, કરડી અધર અતિ,

તરડીને તાંત ખેંચી, પરમાર્થ લાધવા;
ગયું શર સોંસરૂં તે, મૃગે ગતિ વક્ર ધારી,
ચૂકીઓ ચતુર પે'લો, બુદ્ધિબળ વાધવા;
ભીમાદિક હસ્યા ત્યારે, કરૂણમાં હાસ્ય એમ,
ઠેર ઠેર મૂકે કવિ, એ રસ આરાધવા ! ૧૩૨

ગંભીર ને ધીર વીર, ધર્મસૂનુ ધ્યાન ધરી,
પાર્થને કે' પૂર્ણ થયું, મૃગ નથી મારવો;
કારજ છે કાષ્ઠતણું, હાથ આવે તેજ જેમ,
એવો કૈં ઉપાય કરો, દાવ નથી હારવો;
(તેમ) જીતવાનું કશું નથી, કાર્ય વિપ્રકેરૂં આ તો,
શાંત થઇ સાંધો શર, મૂકો મૃગ ડારવો;
મૃગ નથી એહ નિશ્ચે, દેવતા હશે એ કોઇ,
દૂભાવો ન તેને આજ, જ્યાં ત્યાં અર્થ સારવો. ૧૩૩
અર્જુન કે' દેવ હોય, દાનવ માનવ ભલે,
મૃગકેરૂં રૂપ ધર્યું, તેને ન ઉગારવો;
એમ કહી ધાર્યું બીજું, સત્વર સાંધીને શર,
નથી નથી સારડીથી, શાર એ તો શારવો !!
તો પણ ત્યાં વ્યર્થ ગયું, ત્યારે વળી ત્રીજું માર્યું,
તેની દશા તેજ હતી, કૂડો પડ્યો કારવો;
એમ ઘણાં બાણ માર્યાં, અફળ ગયાં તે સર્વ,
ત્યારે ત્યાં દિવ્યાસ્ત્ર લીધાં, જોયો ધર્મ તારવો ! ૧૩૪
એક મૃગ માત્ર જોઇ, દિવ્યાસ્ત્રને યાદ કીધાં,
પરાક્રમ અંગ જો જો, ધર્મ ધ્યાને વારતા !
ત્રાસ થયાં જ્યારે પ્રૌઢ, ત્યારે સર્વ દેવે કહ્યું,
યોજીશ જો અલ્પ જર, થશે તારાં મારતા;
વીસરી ગયા તે આઇ, પરાક્રમ પૂર આવ્યે,
યુધિષ્ઠિર આવ્યા ધાઇ, પાર્થને વારતા;

અલ્પ પર અલ્યા આશાં, અસ્ત્ર મૂકવાને બેઠો,
પ્રયોગ કરંતાં કહી, નારદે શી વારતા ? ૧૩૫

વીસરી ગયો તે આજ, માત્ર હસ્યા ભાઈ જોઈ,
સર્વનો સંહાર થશે, એમ ધર્મ ડારતા;
સ્મર્ણ થઇ આવ્યું ત્યારે, હા રે વાત ખરી એતો !
ધર્મે તરે સર્વ કોઈ, અધર્મથી હારતા;
ભીમ ભડ કહે ત્યારે, જાય મૃગ ચાલ્યો દૂર,
ગદા મારૂં મારી આજ, સંકટથી હારતા;
એમ કહી ગદા મારી, હાં હાં કે'તા રહ્યા ધર્મ,
ગદા તદા વ્યર્થ ગઇ, સદા જે સંભારતા. ૧૩૬

દૈવ બલ જોજો આજ, વાજ આવ્યો યુધિષ્ઠિર,
નામ અર્થ ગુણ કેવો, મૃગથી તે હારિયો !
પાંણે પીશી નાખ્યા દૈત્ય, ગદાએ વિડાર્યા દેવ,
સેવ સાધી દૈવે આજ, ભીમભડ વારિયો !
ગાંડિવનો ધારનાર, શક્રને ડરાવનાર;
અસુરને મારનાર, પાર્થ પરવારિયો !
નકુલ ને સહદેવ, કરે કાળ આવી સેવ,
રહ્યા હારી ઊભા એવ, (શો) મત જાય ધારિયો ! ! ૧૩૭

કે'વાય ન લે'વાય ન, દૈવકેરી ગતિ એવી,
નાઠો જાય મૃગ એ તો, પછે દેખાતો રહ્યો;
બાણ માર્યાં કરે અતિ, અર્જુન અપાર વાર,
લાગ્યું નવ એક તેને, ભાર વ્યર્થ તો વહ્યો !
શબ્દવેધીપણું શીખ્યો, તેણે ખખડાટશબ્દ,
લક્ષ લાવી લક્ષ માર્યાં, તીર તોય ના લહ્યો;
જોઈ એવું ધર્મસૂનુ, હા ! કહીને સ્તબ્ધ થયા,
નિરાશીપણામાં ગયા, અરે અર્થ ના ગ્રહ્યો !! ૧૩૮

શૂરવીર સાચો ધર્મ, તેણે ત્યાં વિચાર કર્યો,
વિમાસાપણું નકામું, કાયરના કામનું;
સારથીને કહ્યું ખેડ, રથ પૂર્ણ વેગ માંહી,
ચાર ભાઇને કહ્યું ત્યાં, નીર જાય નામનું;
એવું કાંઈ કરશો ન, પાંચમળી પંથ કરં
હરણને શોધી કાઢું, નામ લઇ રામનું;
ચાલ્યા વાજી પૂરપાટ, રાજી થૈ ઉચ્ચાટ ટાળ્યા,
આજી ઘણા ગર્જ્યા તે, હૈયું કરી હામનું. ૧૩૯

અશ્વે પુચ્છ ઉંચાં કર્યાં, જાણી પાંડુસુત નૃપ,
ચામરને ધારનાર, નથી જાણી વાટમાં;
રાયકેરું દુઃખ અતિ, કોઈ સુણનાર નથી,
એમ જાણી ઉંચા કર્યાં, કર્ણ આવી ધાટમાં;
નેકીનો પોકારનાર, નથી જાણ્યું હવે જદા,
ખુંખારવા લાગ્યા અતિ, ચીસ ચડેડાટમાં;
આગન્યા નૃપાળકેરી, નથી પાળનાર કોઇ,
એમ જાણી દોડતા તે, ખવાસના ઠાઠમાં. ૧૪૦

સારથીનું સાંખે નહિ, કરવા ધણીનું કાજ,
અબોધ તે માર ખાય, તોય તે અટકે નહિ;
ધાર્યું હોય ધણીએ ત્યાં, વાળ્યા વિણ વળી જાય,
સારથી સાંધે અપાર, તોય ફટકે સહી;
ધણીને રીઝાવા માટ પગને પછાડે અતિ,
જાણે કરે શબ્દ સારા, નૃપને દુઃખી લહી;
ચાલે છે ચલાય એવું ધરી ડર દિલ માંય
પાણી પાણી કરે અંગ, દીનત્વ દિલે અહી. ૧૪૧

ગયો મૃગ જેણી વાટ, તેણી વાટ અશ્વ પળ્યા,
દૈવકેરી ગતિ જોજો, આવતી ખોટ આડમાં;

અશ્વે ત્યાં વિચારી સોઇ, ફીણ કાઢી મુખથકી,
ઓળંગી જાવું આ વાર, છે શું એ કરાડમાં ! !
પગ ઉંચા કરી કહે, દેખાય જે ગિરિ મોટો,
તેના પર ચઢું આમ, હિમ્મત છે હાડમાં;
ધીંગો ધણી જે કે'વાય, ન તે અતિ કષ્ટ આપે,
કષ્ટ સહે કાયાએ તે, સેવકોના લાડમાં. ૧૪૨

એ માંહેલા હતા પાંચ, આંચ નવ દીધી તેથી,
ઉતરી તે હેઠા પડયા, ધનુ લેઈ હાથમાં;
ઉતરે અપારવાર, અને ચઢે વારવાર.
દૈવકેરી ગતિ જોજો, રાખ્યું ન કો સાથમાં !
સારથી રહ્યા ત્યાં ઊભા, મૃગકાજ મા'રથી જે,
ચરણે ચાલીને જાય, તીર મારી બાથમાં;
ઝાડ પા'ડ જુએ જ્યાં ત્યાં, નવાઇમાં ખો' વિશાળ;
ચાલતા ચૂકે જો રજ, વાગે વૃક્ષ માથમાં. ૧૪૩

શૂરા સહે શસ્ત્ર પણ, કાયર એ કાંટા થકી,
ઠેસ મારી ભાંજે રથ, પણ પડે ઠેસથી;
રથ માંહે જોતર્યા તે, ખેંચે હય ભાર અતિ,
બોજો નાખે પીઠપર, નૂર મૂકે કલેશથી;
સવારી કરે જો એક, તો તે કાજ કરે સારૂં,
ઘણા જણ ચઢી બેસે, વગોવાય વેશથી;
તેવા શૂરવીર આ તો, યોગ્ય સ્થળે કામ આવે,
ખેપીઆ નથી કે સહે, માર્ગકષ્ટ પેશથી. ૧૪૪

તોય ધીર વીર કેરૂં, દુઃખ ન રડાય ભાઇ,
માથે પડયું સર્વ સહે, નારી નથી કે રડે !
દૈવને દેવું છે કષ્ટ, આડું આવે વારવાર,
લાવ્યું તે અપાર ઝાડી, સૂઝ કાંઇ ના પડે;

અર્જુને વિચારી મત, શર સાંધી માર્યું ફટ,
કર્યું ત્યાં પાધર ઝટ, શર એવા શું અડે ! !
સવિતા દેખાયો ત્યારે, કવિતા હું તેની કરૂં
રાજી થયા સૂર્ય જોઇ, સહુ પાર્થનીવડે ! ૧૪૫

બાર બાર ગાઉ લગી, ઝાડનું રહ્યું ન નામ,
હામ આવી હાથ મધ્ય, શોધ્યું હાવાં શોધને,
સૂર્યે દાવ જોયો ઝટ, મારા સુતકેરા અરિ,
બાળી આજ ભસ્મ કરૂં, એમ કર્યો ક્રોધને;
પક્ષ કરે સુરરાજ, અર્જુનની વાર વાર,
દાવમાં ન આવે પાંચ, ભલા આવ્યા રોધને;
કિરણ જે સર્વ તેને તપ્ત કરીને તપાવ્યાં,
મારવા બિચારા માંડ્યા, એવા ધારી બોધને. ૧૪૬

જાણી ગયો ઇંદ્ર વાત, પ્રેર્યો તેણે પવનને,
શાંતિ કરવ સુતને તું, વાઇ ત્રણ રૂપમાં;
વારૂ કહી લાગ્યો વાવા, ચાલ્યું નવ સૂર્ય આગે,
સુલટ ઉલટ થાય, કર્મ ગયે કૂપમાં;
વાયે સુસવાટ કરી, બળે પાંચ તેણે અતિ,
કર્યો ઉપકાર ઇંદ્ર, થઇને તદ્રૂપમાં;
મરો હોય મોટા કેરો, તેણે ઉઘડાં પડીને,
કારજ ન થાય તોય, ધરી દયા ભૂપમાં. ૧૪૭

ગયો ઇંદ્ર ગુપ્તપણે, પંચકેરા પિંડ માંય,
એક વિના બીજો નવ, જીવે એવું જાણીને;
અમી ભરી અંગ તેણે, ઉપરથી તાપ પડ્યો,
અમી વાડી નીકળી ત્યાં, અન્ય રૂપ આણીને;
થયા ઝેબેઝેબ તેના, ઉલટા પલાળી નાખ્યા,
રજ આવી ચોટે અંગ, પ્રાક્રમ પ્રમાણીને;

વાંકા આવે જ્યારે દિન, સુલટ ઊલટ થાય,
વિચારીને જુઓ અહીં, મતિવડે માણીને. ૧૪૮

સે'વાયું ન ભીમથકી, કષ્ટ અતિ કાયાતણું,
સુતો રહે સોડ તાણી, વિપ્ર તો મુકામમાં;
પરમાર્થ અર્થ મારે, ભાઇ નથી જોઇતો એ,
તાપથી તપેછે તન, હિમ્મત ન હામમાં;
વડ ભ્રાત તમે આત, દુખિઆને દુઃખ દેવા,
સરજિયા સત્ય કહું, વ્યર્થ યોજો કામમાં;
વૈદ્યકેરા કુંવર જે, એથી ઓછું કાંઇ બોલ્યા,
પાર્થ થઇ રહ્યા સુમ, નર ત્રાહી નામમાં. ૧૪૯

વીસર્યો તે વિદ્યા સર્વ, દુઃખમાંહી એમ થાય,
નીકર શું વારિતણું, અસ્ત્ર નો'તું ધ્યાનમાં;
તાપે તન તપ્ત થયું, આખર તેઃબોલી ઉઠ્યો,
વડ ભ્રાત જાશે જીવ, ધર્મ અભિમાનમાં;
અતિ સારૂં નવ કાંઇ, ઘણું થયું દ્વિજ માટે,
પ્રભુ વળો પાછા હવે, મહતા છે માનમાં;
પાછાવળી ધર્મ કહે, તો દુઃખ અપાર પામું,
દેખાય એ ક્રમ આધું, સમજાવ્યું સાનમાં. ૧૫૦

કાચકી બાઝી છે કંઠ, કોઇથી બોલાય નહિ,
કાર્ય તો બોલાય નહિ, યુધિષ્ટિર મનથી;
નકુલ ને સહદેવ, તાપ વડે તતજ્ઞ. ત્યાં,
પડ્યા ભુમિ મધ્ય ભાઇ, તાપ વેઠી તનથી;
ભીમે સાહી લીધા તેહ, જાય જ્યાં ત્યાંકરી ચાલ્યા,
બોલાતું નો'તું તે ઠીક, બચ્યા રાય વનથી;
ભાંડત નહિ તો ભીમ, શૃંગ માંડી રે'ત ઉભો,
આકળો અર્જુન થાત, (શું) સે'વાત રાજનથી ? ૧૫૧

એવું દુઃખ પડયું તોય, ધર્મસુનુ ધ્યાન કેરી,
ચૂક્યો નહિ ચાલ્ય રજ, કષ્ટકેરા કારથી;
અંગરંગ બળી ગયો, ત્યારે આવ્યું વૃક્ષ પાસ,
ભીમ ભડ ગયો વેગે, હેયાતણી હારથી;
બે બંધુને મૂકી નીચે, શીતળ છાયામાં બેઠા,
વેગે આવી અર્જુન ત્યાં, રહ્યા તાપ મારથી;
યુધિષ્ઠિર આવ્યા પછે, બેશી ગયા કષ્ટથકી,
દ્વિજદુઃખ લાગ્યું દિલ, ધ્યાન એક ધારથી. ૧૫૨

કેટલીક વાર બેઠા, પામ્યા પછે શુદ્ધિ ચાર,
ધર્મ વીરે શુદ્ધિ આપી, નિરંતર રાયને;
શીતળતા મળી જયારે, તૃષા તો જણાઇ ત્યારે,
(જો) પીવા મળે પાણી આજ, કષ્ટ ટળે કાયને;
સુઝે ન ઉપાય એક, દુઃખે વીસર્યો વિવેક,
અરૂપરૂ જુએ પાણી, પત્ર લેઇ ખાયને;
તદા યુધિષ્ઠિર બોલ્યા, વૃક્ષ ચઢી જુઓ કોઇ,
દિસે જળાશય કંઇ, જેથી દુઃખ જાયને. ૧૫૩

સલિલશોધ.

મહામહાકષ્ટે કરી, નકુલ ઉઠયો તે ઘડી,
વૃક્ષપર ચઢવાની, હિમ્મત ન અંગને;
સ્વારથની સાથે લાગ્યું, વડ ભ્રાતકેરૂં વેણ,
તેથી ઉઠી દુઃખે પાપે, ચઢયો તજી રંગને;
આમળીપીપળી વેળા, ચઢયો પડયો લાખ વાર,
વખાણુતા અરિ એને, ભારે ભાર ભંગને,
તેનાથી ચઢાય નવ, લાગ્યો અંગોઅંગ દવ;
પડે ભજે ઉમાધવ, કો ન કરે વ્યંગને, ૧૫૪

સહદેવ સા'યો કંઇ, ભીમ ભડે હાથ દીધો,
એવો ત્યાં નકુલ ચઢયો, વૃક્ષ પર એકલો;
પૂર્વ દિશા ભણી જોયું, ન ઝાડનું નામ કંઇ,
પછે પાણી હોય ક્યાંથી, શ્રોતા સરવે કળો;
શોક થયો મન ભારી, દુઃખની વેળા સંભારી,
તૃષા જાશે કેમ મારી, ધર્મ કર્મ એ કળો;
પશ્ચિમમાં જોયું પછે, થોડે ઉંચે ચઢી કરી,
બગ જેવા નગ દીઠા, કવી કે' પાછા વળો ! ૧૫૫

પડે કાંઇ ધૂંધવા તે, ઉંચા છે અપાર કોશ,
મૌક્તિકના કણ જેવા, જોતામાં જણાય છે;
ચઢી કોણ લાવે તેને, ગજ શિરકેરાં મોતી,
મૌક્તિકથી તૃષા જાય, એવું કૈં ભણાય છે ?
તોય કંઈ પડી આશ, આંખે જોયું પાણી જ્યારે,
ત્યારે પાસે હશે એમ, ચિત્તમાં ચણાય છે;
જોઇ તાકી તાકી પછે, ગયો થાકી નકુલ તે,
હશે મૃગજળ એ તો, વ્યર્થ જે ગણાય છે; ૧૫૬

આશા મૂકી એવી રીતે, પશ્ચિમ દિશાતણી તો,
પછે જોયું ઉત્તરમાં, નકુલે તેણી ઘડી;
જ્યાં ત્યાં લાગી રહ્યા દવ, બળતાં પ્રાણીના રવ,
સંભળાયે અન્ય નવ, આગ્ય શું આવે તડી;
બળી મરશે બિચારા, હેઠે રહ્યા ભાઇ મારા,
દા'ડા જુઓ કેવા સારા ? પડતાં ઓછી પડી !
હેઠળથી પૂછે ઊભા, પાણી છે પાણી છે લુબ્યા,
અરે દૈવ કેવા દુભ્યા, છત તેં નાખી છડી ! ! ૧૫૭

સ્વર થયા અતિ જાડા, ઉચ્ચાર જાયેછે આડા,
પડયા બિહામણા ખાડા, બોલે અતિ બળથી;

નકુલ તે સુણે નહિ, પાણી જુએ નહિ કંઈ,
દવકેરૂં દુઃખ દૂણું, લાગ્યે વળ્યો વળથી;
ઉતરવા લાગ્યો વે'લો, એવે અનાયાસે ગઇ,
નજર દક્ષિણ ભણી, જોઇ રીઝયો જળથી;
ઊભો રહી જુએ જેવે, સરોવર દીઠું તેવે,
કારંડવ હંસ ઉડે, કરે કિલ કળથી. ૧૫૮

કહ્યું વે'લાં વે'લાં તેણે, સરોવર છે છે અહીં,
દક્ષિણ દિશામાં દીસે, દ્વિજ ઘણા ઉડતા;
શાંત થાઓ લાવું પાણી, દુઃખ ગયું લેજો જાણી,
બચ્યા બચ્યા પાંડુતન, મોત થકી બૂડતા !
થયો આનંદ સહુને, ઉતર્યો નકુલ હેઠો,
અરે હરે પ્રભુ જુઓ, કાળકેરી કૂડતા;
દુઃખ પામેછે અપાર, ધર્મ ધારે ધ્યાન જે જે,
સુખ કે' પૂઠળ થાય, ખરૂં ખોટું ઝૂડતા ! ! ૧૫૯

અગ્નિમંથનકાષ્ઠહરણ.

૧. દ્વિજ—જેનો બે વખત જન્મ થયો છે તે–બ્રાહ્મણ. બ્રાહ્મણ બે વખતે જન્મે છે; એક સ્વાભાવિક જન્મ, અને બીજો ઉપવીત–જનોઇ–દીધા પછીનો જન્મ. ઉપવીત દીધા પછી સંધ્યા, વગેરે નિત્યકર્મ કરવાનો બ્રાહ્મણને અધિકાર મળે છે.

૨. અગ્નિમંથનકાષ્ઠ—અગ્નિ ઉત્પન્ન કરવાનું લાકડું. આગળના વખતમાં અગ્નિ ઉત્પન્ન કરવા બે લાકડાંને સાથે ઘસવામાં આવતાં.

૩. અરણીસહ—અરણી નામનું લાકડું,–સહ=સાથે.

૪. દ્વિજવર—બ્રાહ્મણમાં ઉત્તમ.

૫. ભાળ—ભાલ—કપાળ.

૬. જાણે—નાખું—હરણના મનમાં એવું થયું કે મારા કપાળમાં જે સફેદ લીટી છે તે ભુંસી નાંખું; અથવા યુધિષ્ઠિરના સુખની રેખા (લીટી) ભુંસી નાંખું. તેને સંકટમાં નાંખુ.

૭. ઘસતામાં—ધર્મરાજકેરું—ઝાડની સાથે માથું ઘસવાથી યુધિષ્ઠિરનું કર્મ પણ ઘસાયું. યુધિષ્ઠિર ઉપર સંકટ આવી પડયું, કારણ કે હરણ, મુનિનું અગ્નિમંથનકાષ્ઠ લઇ ગયું અને તે હરણ પકડવા જતાં યુધિષ્ઠિર દુઃખમાં આવી પડયા.

૯૬.

૮. શૃંગ—શીંગડું.

૮. હાથમાં—રહ્યું—હાથમાં કંઇ રહ્યું નહિ. હરણ તે કાષ્ઠ લઈ નાશી ગયું.

૯. કર્મકાંડી—વેદમાં બતાવેલાં કર્મ કરવાવાળો. કર્મથી મોક્ષ મળે છે, એવું ધારી વેદોક્ત કર્મ કરવાવાળો. કેટલાક કર્મથી મોક્ષ મળે છે, એવું માને છે, અને કેટલાક જ્ઞાનથી મોક્ષ મળે છે, એવું માને છે.

૧૨. રૂઠવું—ક્રોધે ભરાવું.

૧૩. અંજલિ—પાણીની અંજલિ શાપ આપવા માટે.

૧૪. કથળ્યું છે—બગડયું છે.

૯૭—

૧૬. લૂઠવું—આળોટવું.

૧૭–૨૪ હરણ કેવી સંભાળથી દોડે છે, અને દોડતી વખતે તે મૃગ કેવો દેખાય તેનું વર્ણન કરે છે.

૧૭. નભ—દેતો—મુનિ શાપું શાપું એમ કહે છે, એટલામાં તો તે મૃગ આકાશમાં—અધર—ઉંચે—છલંગ મારતો નાઠો.

૧૮. ખાળવા—કાષ્ઠને પડી જતા અટકાવવા.

૧૯. અરપર—અહીંતહીં.

૨૦. સર્પણ—સરકી જવું તે.

૨૧. પોડશી—બડાઇ.

૨૧. મૃગરાજ—મૃગનો રાજા—સિંહ.

૯૮—

૨૪. સામું—ખાળવા—બ્રાહ્મણ જે તેનો શત્રુ હતો, તેને

સંતાપવા તે તેના સામું માથું
ધૂણાવે છે.

૩૦ [illegible]—સુવકી—એવું કર્યું કામ કરું, કે જેથી કરી ગુરુ
મારા ઉપર ગુસ્સે થાય નહિ.

સુવકી=સારી વકી. સારો પ્રસંગ.

૯૯—

૩૪. સુણી—દાખિયો—તેણે તેનું દુઃખ સાંભળી લીધું, અને
પછી તેને શું કરવું તેનો રસ્તો
દેખાડયો.

૩૮. મહા શોક રાખિયો—યુધિષ્ઠિરને દયા ઉપજે માટે તે
ઘણો શોકાતુર દેખાવા લાગ્યો.

૩૯. પરવર્યો—ગયો.

૩૯. પૂરણેન્દુ—પૂર્ણિમાના ચંદ્રરૂપી યુધિષ્ઠિર.

૧૦૦—

૪૦. બોલ નાંખિયો—પોતાને જે જોઇતું હતું તે કહી
સંભળાવ્યું.

૪૩. પાવકમંથનકાષ્ઠ—અગ્નિમંથનકાષ્ઠ.

૪૩. કુરંગ—મૃગ.

૪૪. દુઃખરૂપી અગ્નિ ભરી ગયો—ઘણો દુઃખી કરી ગયો.

૧૦૧—

૪૬. ધાવ—દોડો.

૪૭. ચૂટે—વાર—પોતાને ઘણું દુઃખ થાય છે તે બતાવવા માટે.

૫૦. મહા ભાર—મોટો બોજો—અસહ્ય બોજો—દુઃખ.

૫૨. સાયક—મદદ કરનારા.

૧૦૨—

૫૮. અંગ—અમે—હું મારો દેહ તજીશ, તો તને બ્રહ્મ-
હત્યા લાગશે.

૧૦૩—

૬૦. ડરૂં—રમે ! જો તું મારૂં દુઃખ સાંભળવા છતાં આ ઉપવનમાં (વનના બાગ જેવા ભાગમાં) આનંદ કરે છે, તો હું દેહ તજતાં ડરીશ નહિ; હું નક્કી મરીશ.

૬૧-૬૮—યુધિષ્ઠિર પરદુઃખભંજન હતો, અને તેના ઉપર દુઃખ આવવાથી ડરે તેવો ન હતો. સજ્જન અને ધાર્મિક પુરૂષો ઉપર જેમ વિપત્તિ પડે છે, તેમ તેની કસોટી થાય છે. કવિ દૃષ્ટાંત આપી સમજાવે છે.

૬૨. કારમી—અદ્‌ભુત.

૬૩. મૌક્તિક—મોતી.

૬૩. મૌલ્ય—મૂલ્ય.

૬૪. ઘસે—રમી—હીરાને ઘસી પાસા પાડવાથી તે ઘણો ગમે છે.

૬૬. દેહે દમી—ચોળી નાંખી માટે.

૬૭. કસ–સત્ત્વ.

૧૦૪—

૬૮. ધારમી—ધર્મિષ્ઠ.

૭૦. ધૌમ્ય—નહિ—ધૌમ્ય જે પાંડવોના પુરોહિત હતા, તેને તે વાત ગમી નહિ, કારણ કે યુધિષ્ઠિરની આ વર્ત્તણુકથી પાંડવો દુઃખમાં આવી પડશે તેવું તે જાણતા હતા.

૭૧. બીજા—ઉર—બીજા મહાત્માઓને પણ આ બ્રાહ્મણની માગણી અયોગ્ય લાગી.

૭૨. ભીમ—જઇ—બહાદૂર ભીમ પણ આવી માગણીથી કોપાયમાન થયો ને કહેવા લાગ્યો કે તેવી

નજીવી બાબતમાં યુધિષ્ઠિરને ફોગટ તસ્દી આપવાની જરૂર નથી.

૧૦૫—

૭૬. ધઇ—ધાઇને—દોડીને.

૭૮. મરવા—મને—બ્રાહ્મણ અધીરો થઇ બોલે છે, કે મૃગ નાઠો જાય છે, અને તમે આવી ડાહી ડાહી વાતો—યુધિષ્ઠિરને જવાની જરૂર નથી, વગેરે—કરો છો, તો મને હવે મરવા દો એટલે યુધિષ્ઠિરને હેરાન થવું ન પડે.

૮૨. મને—મનમાં.

૧૦૬—

૮૪. એમને—યુધિષ્ઠિરને તે બાબતની ચિંતા નથી, કારણ હું મૃગને સત્વર પકડી લાવું છું.

૮૫. દ્વિજ—કાંઇ—તે બ્રાહ્મણે કહ્યું કે મૃગને પકડવા મેં તને વિનતિ કરી નથી.

૯૧. ભઠપડો—ધિક્કાર છે.

૧૦૭—

૯૩. કરે—સેવ—પૂજા કરવાનાં પાત્ર લાવી તેની સેવા કરે છે; તેનો સત્કાર કરે છે.

સેવ=સેવા.

૯૬. મતિહીણ હોઇતી—તારી મતિ હીણ થએલી છે.

૯૮. કહો—ખોઇતી—આજ સુધી તમારી શાપ દેવાની શક્તિ ક્યાં ગુમ થઇ ગઇ હતી, જે આજ તમે શાપ દેવાને ઉંચા નીચા થઇ રહ્યા છો?

૯૯. માગણ—બ્રાહ્મણ—માગનાર.

૯૯. જરઠ—ડોસા.

૧૦૮—

૧૦૦. તારે—બોઇતી—તે બ્રાહ્મણ ધૌમ્યમુનિને કહેવા લાગ્યો કે હે ડોસા, તારે બાપે ધર્મની કોઇ તુંબડી વાવી હતી કે શું? જેથી તારી પાસે આટલાં બધાં ધર્મનાં તુંબડાં—આટલા બધા બ્રાહ્મણો—એકઠા થયા છે.

બોવું=વાવવું.

૧૦૨. જુઓ—દશા—રાજાની—યુધિષ્ઠિરની દશા—સ્થિતિ જુઓ. યુધિષ્ઠિર તમારે માટેજ તૈયારી કરે છે, તે જુઓ.

૧૦૪. તમે—વશ્યા—તમારૂં કામ સિદ્ધ કરવા પાછળજ તેનું ચિત્ત રોકાયલું છે.

૧૦૫-૧૦૬. ધૌમ્ય તે બ્રાહ્મણનો અવિનય જોઇ, તે અધૂરો ઘડો છે, માટે છલકાય છે, તેમ ધારી તેની મશ્કરી કરી પૂછે છે કે મહારાજ તમે કેટલું ભણ્યા છો તે તો કહો.

૧૦૯—

૧૦૮. ધરમ—વશ્યામશ્યા—યુધિષ્ઠિરે તે બ્રાહ્મણને માથું કૂટતાં જોયો, કે તે તેની પાસે ઉતાવળે દોડી આવ્યા.

૧૧૨. પંથ—પૂરતો—પંથ લાંબો છે, અને કામ પાર પાડવા તું એકલો પૂરતો નથી, માટે તારા ભાઇને પણ સાથે લે. બ્રાહ્મણની આ યુક્તિ પાંચે પાંડવોને તે વનમાંથી દૂર ખેંચી જવા માટે છે.

૧૧૪. ચિત્ત—ચૂરતો—મારા દિલના ચૂરે ચૂરા થઇ જાય છે.

૧૧૫. ધર્મસૂનુ—ધર્મનો છોકરો-યુધિષ્ઠિર.

૧૧૫. તદા—ત્યારે.

૧૧૦—

૧૧૮. પંચને—અહીં—દ્રૌપદીને એકલી મૂકી પાંચે પાંડવોને હું અહીંથી જવા નહિ દઉં.

૧૧૯. જયદ્રથ—તો-સિંધુ રાજાનો પુત્ર. તે દુર્યોધનની બેન દુઃશીલા **સાથે** પરણ્યો હતો. પાંડવો જ્યારે મૃગયા કરવા ગયા હતા, અને જ્યારે દ્રૌપદી અદ્વૈતવનમાં એકલી હતી, ત્યારે જયદ્રથ તેને હરી ગયો હતો.

૧૨૨. સહી—નક્કી.

૧૨૩. અજાતશત્રુ—યુધિષ્ઠિર—જેને કોઇ શત્રુ નથી એવો.

૧૧૧—

૧૨૬. એતા થકી—એટલાથી.

૧૨૯. ધરમનંદન—ધર્મસુનુ-યુધિષ્ઠિર.

૧૩૧. રથારૂઢ—થયો-રથમાં બેઠો.

૧૧૨—

૧૩૨. કે—ટકી—જેવો યુધિષ્ઠિર રથમાં બેઠો કે તેની આજ્ઞા પાળવાવાળા બીજા ચારે ભાઇઓ રથમાં ચડી બેઠા.

૧૩૩. વિશ્રામમાં—આશ્રમમાં.
વિશ્રામ—આરામ.

૧૩૪. પછે—મહામતિ—હે મહાત્મા ધૌમ્યમુનિ, અમે હવે જઇએ છીએ, તો આપ પાછળથી સંભાળીને રહેજો.

૧૧૩—

૧૪૦. ચઢી—રત—કેવી ઘડી ચઢી આવી તે કવિ થોડું

ઘણું વર્ણવે છે. પાંચ પાંડવો ઉપર શું દુઃખ પડયું તેનું કવિ થોડું ઘણું હવે વર્ણન કરે છે.

૧૪૧. પાર્થ—અર્જુન.

૧૪૪. તુંડનાં તરણુ—મોંઢામાંહેનાં તરણાં.

૧૪૫. ૧૪૬ મનોરથ—તો—જેવી રીતે નિર્બળ માણસના મનમાં ઇચ્છા એકદમ ઉત્પન્ન થાય છે, અને એકદમ લય થાય છે, તેમ મૃગ ઉંચે કૂદે છે અને પાછા તરત જમીન ઉપર પડે છે.

૧૧૪—

૧૪૮. તોયે—તો—તો પણ દૂર હોવાથી તેમની પાસે કાંઇ છે કે નહિ તે નક્કી નહિ થવાથી અર્જુન તેવાં હરણને મારે છે. જેઓ પાસે કંઈ નથી, તેવી અર્જુનને ખાત્રી થાય છે, તેવાંને તે મારતોજ નથી.

૧૪૯. પર્વર્યો છે—ગયો છે.

૧૫૧. શાંતિ—ટાળી—અમે પર્ણકુટિમાં નિરાંતે દિવસ ગાળતા હતા, ત્યાંથી અહીં આવવાનું કારણ તમેજ છો.

૧૫૨. ખાસનો—અમુક અમુકનો.

૧૫૩. કાળિયાર—નર.

૧૫૪. અરે—આશાનો—હરણીઓ કહે છે કે અરે દેવ ! અમારી શુભ આશાનો દિવસ કોઇ પણ સ્થળે હોય ? અમારે ક્યાંઇ પણ સુખ નથી.

૧૧૫—

૧૫૭. નાણીનાણીને—નિહાળી નિહાળીને—તપાસી તપાસીને.

૧૫૮. તાણી તાણીને—ધનુષ્ય તાણીને.

૧૫૮. હણે છે—મારે છે.

૧૬૦ મન—જરા—અરે! મેં આને વગર વાંકે શા માટે માર્યું ?

૧૬૧. આગન્યા—આજ્ઞા.

૧૬૨. મટમટાવે—દંગને—દાંત ન હોવાથી મમળાવે છે. કવિ કહે છે કે નકુલનાં એવાં વચન સાંભળી અમે દંગ થઇએ છીએ.

૧૬૩. વા'ર—મદદ.

૧૧૬—

૧૬૪. નવરંગ અંગને—નવીન રંગવાળાં અંગને.

૧૬૫. સાધે—સેવા—હરણોનો સંહાર કરી તે બ્રાહ્મણની સેવા કરે છે. તે બ્રાહ્મણને માટે હરણને મારે છે.

૧૬૭. છંદ—વ્યસન—ભાવતું હતું, અને વૈદ્યે બતાવ્યું–સહદેવને હરણ મારવાં ગમતાં હતાં, અને હવે તો પરમાર્થનું બાનું મલ્યું એટલે તે સંહાર કરવામાં કચાશ રાખે જ શાની ?

૧૭૦. ચુંથાય—ચકોરમાં—જો તે ચકોર સહદેવ હરણને ચૂકીજાય તો તેના મનમાં તે ઘણો ચુંથાય છે–તેને મનમાં સંતાપ થાય છે.

૧૧૭—

૧૭૧—૧૭૨. મનુએ રાજાઓએ મૃગયા કરવી એમ કહ્યું છે, તે ખરેખર મને લાગે છે કે તેણે મદિરાના તોરમાં કહ્યું હશે. કવિ આવી આજ્ઞાને નિંદે છે.

૧૭૩. પુણ્ય—ફરે છે—હરણુને મારી પાપનાં પોટલાં બાંધેછે.

૧૭૪. મઉ—રાંક—ગરીબ.

૧૭૫. ઠીક—રૂડાં—કર્મકાંડીને નિમિત્ત આ હરણ મરાય છે, માટે તે પણ પાપનો ભાગીદાર થાય છે.

૧૭૬. ગુરૂકેરી—બણ્યાં—બ્રાહ્મણુને ગુરૂની આજ્ઞા શી છે, અને તે પાળતાં તેનાથી કેવાં કર્મ થયાં? તેને નિમિત્તે જે કર્મ થયાં તેનું પાપ તેને ચોટયું તે ચોટયુંજ.

બણ્યાં—બન્યાં—થયાં તે થયાંજ.

૧૭૭. શિવના સ્વરોદાય—'શિવસ્વરોદયશાસ્ત્ર' નાકમાંથી નીકળતા શ્વાસ ઉપરથી ભવિષ્ય જાણુવાનું શાસ્ત્ર.

૧૭૭. વિધિ—બ્રહ્મા.

૧૭૯. કાષ્ઠ—ન—કાષ્ઠ પાછું મેળવવા રૂપી લાભ ન મળ્યો.

૧૧૯—

૧૮૨. દયાવાનને—દયાળુ યુધિષ્ઠિરને.

૧૮૩. નરસા—ખપે—ભીમ, સહદેવ, વગેરેએ ગમે તે હરણુનો નાશ કર્યો હતો, તેથી હરણો સારા એવા જે યુધિષ્ઠિર તેનાથી પણુ હવે ડરતાં હતાં. યુધિષ્ઠિર પણુ વગર વિચાર્યે ગમે તે મૃગને મારી નાંખશે એવી તેઓને બીક લાગતી હતી.

૧૮૪. જાણે—રાજાનને—સારંગ-હરણ—રાજાનને-યુધિષ્ઠિરને-મૃગયાએ આવેલા જાણે છે.

૧૮૭. અકૃત્ય—ન કરવા જેવું-નઠારૂં.

૧૧૯—

૧૮૮. અર્થસિદ્ધિ—અર્થની સિદ્ધિ. પોતાનો અર્થ-કાર્ય મેળવવાનો-સાધવાનું તેને કામ હતું; ગમે તે હરણને મારવાથી કશો લાભ નથી, તેવું તે બરાબર સમજતા હતા.

૧૮૮. વિડારે—મારી નાંખે.

૧૮૮. વાનને—શરીરને-(હરણના).

૧૯૩. કિંકિણી—ઘુઘરી.

૧૯૩. રવ—અવાજ-નાદ.

૧૯૪. તેહ—ટાલતા—ઘુઘરીનો મધુર અવાજ સાંભળી નાનાં હરણ મોહ પામી ઉભાં રહે છે, પણ યુધિષ્ઠિર તેમને ટાળે છે-જવા દે છે-મારતા નથી.

૧૨૦—

૧૯૬. ચક્ષ—ઢાળતા—ચારૂ ચક્ષ ઢાળતા. સુંદર આંખો મીંચતા. મોહક અવાજ સાંભળીને આંખો મીંચતા.

૧૯૭. રવ રણકાર—અવાજનો રણકારો.

૧૯૮. સમ—ઉતાવળો—રથના વેગથી સમીર (વાયુ) ઉતાવળો સમસમ અવાજ કરતો જાય છે.

૧૨૧—

૨૦૪. છળાયો—છળ્યો—તેને નાદ, વગેરેથી છેતરવા ઘણા ઘણા પ્રયત્ન કર્યા, છતાં તે છેતરાયો નહિ.

૨૦૬. મૃગ—તો—મૃગ એટલો બધો આગળ આવી જતો કે યુધિષ્ઠિરના મનને થતું કે તે આ પકડાયો. બને ત્યાં સુધી મૃગને માર્યા વિના પકડી લઈ તેની પાસેથી કાષ્ઠ લઈ લેવાની યુધિષ્ઠિરની મરજી હતી.

૨૦૯. કાષ્ઠ—શાને—એક કાષ્ઠ લેવા ખાતર આ મૃગનો જીવ મારે શામાટે લેવો ? શું કાષ્ઠ માટે મારે આવું અધમ કામ કરવું ? દયાળુ યુધિષ્ઠિરની ધાર્મિક વૃત્તિ આ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

૨૧૦. ફાંદો—જાળ.

૧૨૨—

૨૧૨. આવ્યો—તો—બાણ નહિ વાગવાથી તેને દુ:ખ થયું નહિ, અને તેથી તે પકડાયો નહિ.

વાજ—દુ:ખ.

૨૧૩. તદા—ત્યારે

૨૧૮. અસુ—પ્રાણ—તોય હરણના પ્રાણ હરે નહિ; તેને મારી નાંખે નહિ.

૨૧૯. શર—બાણ.

૧૨૩—

૨૨૧. દરિયાવ—દરિઆ.

૨૨૧. પીરહારી—પીર=પીડા=દુ:ખ દુ:ખને હરનાર-યુધિષ્ઠિર.

૨૨૨. તકાવતો—તાકતો.

૨૨૨. શિર—માથું—(હરણના માથા ઉપર)

૨૨૩. જાણુ—તણો—યુધિષ્ઠિર બાણની વિદ્યા જાણતો હતો—એટલે તે વિદ્યામાં તે પ્રવીણ હતો, એટલે તે મૃગને મારવો એ તેને સ-

હેલું હતું-પણ તે દયાળુ હતો-એટલે
તેણે તેને માર્યો નહિ એવો ભાવ છે.

૨૨૫. જદા—તીર—જ્યારે ત્રણે એક થયાં-નજરબાણ અને
નિશાન એક થયાં-ત્યારે મનમાં હર્ષ
પામી તેણે તીર ફેંક્યું.

જદા=(યદા) જ્યારે; તદા=ત્યારે.

૨૨૬. સદા—તે—તે હંમેશાં સિદ્ધિ મેળવતું પોતાનું કાર્ય
પાર પાડતું-નકામું જતું નહિ.

૨૨૬. ફંટાયું-આડું ગયું.

૨૨૬. ફલંગને—(હરણ) ફલંગ મારીને.

૨૨૭—૨૨૮.—જે શૂરવીર રણમાં પણ અટકે નહિ તે કોઈ
દિવસ નિશાન ચૂકતા હશે કે જેથી તે મૃ-
ગને સહીસલામત જવા દે ? બાણ ન વાગે
અને મૃગ છટકી જાય તેવું બનેજ નહિ;
પણ દૈવે જે ભંગ પાડયો તેમાં તેનું ડહા-
પણ ચાલે ?

રૂકે=અટકે, દૈવભંગને=દૈવે કરેલા ભંગને.

૧૨૪—

૨૨૯—૨૩૦. સણેણાટ—રહ્યું—તે બાણ સણેણાટ અવાજ
કરતું-ઘણા જોરથી ફેંક્યું
હતું માટે-મૃગના માથા ઉ-
પર તો ગયું પણ દૈવે તે
મૃગની ગતિ જરા વાંકી કરી
તેથી તે બાણ કાષ્ઠમાં વાગ-
વાને બદલે બે શિંગડાં વ-
ચ્ચે થઈ ચાલ્યું ગયું.

૨૩૧. ફરી—જઈને—હરણનું માથું ફરી ગયું, તેથી બાણ

કાંઠમાં વાગવાને બદલે મધ્યમાં (બે શિંગડાં વચ્ચેના પોલાણમાં) વાગ્યું.

૨૩૨. પોલાણ—બે શિંગડાં વચ્ચેનું પોલાણ.

૨૩૩—૨૩૪. યુધિષ્ઠિર જેવા બળવાનના હાથથી તે બાણ છુટયું હતું તેથી તે બાણના માત્ર જોરથી તે હરણ મૂર્છા ખાઈ ઉંધું પડયું. જો કોઇ ભાગમાં વાગ્યું હોત તો તે મરણ પામત.

૨૩૫. અશ્વાસન—આશ્વાસન—હરણ દૂર પડયું હતું, તેથી મોએ તેને દિલાસો મળે તેવા શબ્દો બોલવા લાગ્યા.

૧૨૫—

૨૩૯. ધરે—માટ—તેની નજીક જઈ કાંઠ લેવાની મરજી કરે છે તેટલામાં.

૨૪૦. વરવા—મૃગને પસંદ કરવા.

૨૪૧. સડાક—ત્વરાથી—ઉતાવળથી.

૨૪૨. પૂઠ—ડરવા—તે મૃગની પાછળ યુધિષ્ઠિર પડયા હતા, તે જોઇને મૃગને મારતાં ડર્યો. એક મૃગને બે જણા મારી શકે નહિ, એવો મૃગયાનો નિયમ છે.

૨૪૩. થાય—વિચાર્યું—વળી પાછું મહાદેવવાળું ન થાય એમ અર્જુને વિચાર્યું. જ્યારે અર્જુન તપ કરવા ગયો હતો, ત્યારે જે વરાહ પાછળ મહાદેવ પડયા હતા તે તરફ અર્જુને પણ બાણ ફેંકયું હતું. આથી મહાદેવ અને અર્જુન વચ્ચે યુદ્ધ થયું હતું.

૨૪૪. ચઢાવ્યો—હરવા—જે બાણ યુધિષ્ઠિરે ચડાવ્યું હતું—

મૃગ તરફ તાકીને ફેંક્યું હતું, અને જે શિંગડા વચ્ચેના પોલાણમા ભરાઈ રહ્યું હતું, તે લઇને મૃગ ચાલતો થયો.

હરવા—લઈ જવા.

૧૨૬—

૨૪૭. ચૂકાવે—રહ્યા—યુધિષ્ઠિર હરણને મારતાં ચૂકે, ત્યારે અર્જુન હસે છે. તે મનમાં એમ ધારે છે કે શું યુધિષ્ઠિરથી આટલો મૃગ પણ મરાતો નથી?

૨૫૦. પછે—વાજને—યુધિષ્ઠિરને મૃગની પાછળ જોઇ તે પણ કંટાળીને રહ્યા.

૧૨૭—

૨૫૨. બાજને—વાજીને—ઘોડાને.

૨૫૫. એના—મયા—યુધિષ્ઠિરને મૃગ ઉપર દયા આવે છે, માટે ભીમ કહે છે લાવને હુંજ તેને મારૂં.

૨૫૫. મયા—રહેમનજર—કૃપા.

૨૫૬. દૃગને—નેત્ર—આંખ.

૨૫૭. હુગબગિયો—ત્રાસ પામ્યો—હેબકી ગયો.

૨૫૯—૨૬૦. જેવી રીતે પૈસાવાળાના મનોરથ ઉંચા હોય છે, તેવી ઉંચી અથવા સિંહના જેવી ઉંચી ફાળ તે મારવા લાગ્યો.

મૃગેંદ્ર—મૃગનો ઇંદ્ર—રાજા—સિંહ.

૧૨૮—

૨૬૦. શણીજઇ—સાંભળીને.

૨૬૦. શગને—ટોચને—મરણ ઉપજાવનાર ભયંકર ગર્જનાને.

૨૬૧. આજ્ઞા—જેમ—એક મુશ્કેલીમાંથી બચવાનો યત્ન કરતાં બીજી મુશ્કેલીમાં આવી પડયો.

૨૬૪. ખજ્યો—અટક્યો.

૨૬૬, રાજને—વજ્યો—યુધિષ્ઠિરને તેણે જોયા નહિ અને બાણ માર્યું, પણ તેથી કંઈ દહાડો વળ્યો નહિ; કામ પાર પડયું નહિ.

૨૬૭. નો'ય—ન હોય.

૧૨૯—

૨૬૮. મૃગરાજ—ચજ્યો !—એ મૃગ સાધારણ મૃગ ન હતો, કે તેનાથી મરે. એ મૃગ તો રાજમણિ—યુધિષ્ઠિર—ના પંજામાંથી સટકી ગએલો મૃગ હતો.

રાજમણિ ચૂલા મધ્યેથી—યુધિષ્ઠિરરૂપી ચૂલામાંથી—તેના પંજામાંથી.

૨૭૦. નકુલે—આવતું—નકુલે વિચાર્યું કે મૃગ તરફ બાણ ફેંકી તેને મારવો. એ વાત યુધિષ્ઠિરને પસંદ છે, કારણ કે જો તેને પસંદ ન હોત તો તેણે સહદેવને બાણ મારતાં રોક્યો હોત.

૨૭૨. અરિને લજાવતું—શત્રુને લજાવતું—શત્રુનો નાશ કરનારું.

૧૩૦—

૨૭૫—૨૭૬—સૌ કોઈનું પરાક્રમ કાળ—યોગ્ય વખત—આવ્યે ફાવે છે. કાળની વિરુદ્ધ જઈ કોઈ પોતાનું પરાક્રમ બતાવી દે એવો પુત્ર કોઈ માએ હજુ જણ્યો નથી.

૨૭૮. હોય—બાપજો—એકજ મૃગને બે જણાથી મારી શકાય નહિ, પછી આ બે જણા-

માંથી એક બાપ હોય અને બીજો પુત્ર હોય તો પણ શું થઇ ગયું ? આવી બાબતમાં સગાઇ પણ ગણવામાં આવતી નથી.

૨૭૯. મેળાઇ—મામાના છોકરાં.

૨૮૦. સાઇજાઇ—સાહીજાય–ગ્રહણ કરાય–સગાઇની ગણુતરી થાય નહિ.

૨૮૦. આપ—પોતે—પોતે જો ક્ષત્રી હોય,–ખરો ક્ષત્રી હોય તો.

૧૩૧—

૨૮૩—૨૮૪. જે વિચારવાળો હોય તે આ બાબત વિષે વિચાર કરે. જે અવિચારી હોય તેના મનમાં તો બીજું હોય છે. જેવી રીતે કાષ્ઠ લેવા માટે આવેલો બ્રાહ્મણ શાપ રૂપી સિદ્ધિ જડી એટલામાં તાતો માતો થયો તેમ.

૨૮૫. એ—ખાળનાર—ક્ષત્રિયધર્મને પાળનાર અને મહાદેવને અટકાવનાર–અર્જુન.

૨૮૭. લંક—કમર.

૨૮૭. અધર—હોઠ.

૨૮૮. તરડીને—તરડ અવાજ કરીને–તાંતને પહોળો કરીને.

૧૩૨—

૨૮૯—૨૯૦—જેવી રીતે અર્જુન બાણ મારતાં ચૂકયો એમ જોઇ દુ:ખની વેળાએ પણ ભીમ, વગેરે હસ્યા, તેમ હું પણ આ કથામાં કરૂણ અને હાસ્ય રસનું મિશ્રણ કરૂં છું.

એ રસ—કરૂણ અને હાસ્ય.

આરાધવા—આરાધના કરવા.

૧૩૩—

૨૯૯. દાનવ—રાક્ષસ.

૩૦૨. નથી—શારવો—એ કામ શારડીથી શાર શારવા જેવું ન હતું કે ઝટ લઇ થઈ જાય. મૃગને મારવો એ કંઈ રમતની વાત ન હતી. કહેવાનો અર્થ એવો છે કે તેણે બાણ માર્યું પણ કાંઇ વળ્યું નહિ.

૩૦૪. ફૂડો—કારવે—લાગ ફૂડો પડ્યો, લાગ ફાવ્યો નહિ. બાણ નિષ્ફળ ગયું.

કારવો—ક્રિયા-લાગ.

૧૩૪—

૩૦૬. જોયો—તારવો—બ્રાહ્મણને કાષ્ઠ લાવી આપવાનો ધર્મ તારવો જોઇએ; એટલે કે માથે લીધેલું કામ પાર પાડવું જોઇએ એમ તેણે વિચાર્યું.

૩૦૮. પરાક્રમ—ધારતા—પોતાના ધર્મને પાળનારા આ પરાક્રમના અંશ ઇંદ્રના પુત્રને જુઓ! પોતાનો ધર્મ પાળવાને બાને અધર્મ કરવા દોરાય છે તે જુઓ.

૩૦૯—૩૧૪—અર્જુન દિવ્યાસ્ત્રથી મૃગને મારવા તૈયાર થયો છે, પણ દિવ્યાસ્ત્રનો ઉપયોગ હલકા શત્રુ ઉપર કરવામાં આવે તો ઉપયોગ કરનારનો તેજ દિવ્યાસ્ત્રવડે નાશ થાય છે, એ વાત અર્જુન ભૂલી ગયો. આ વાત યુધિષ્ઠિરે તેને યાદ આપી કહ્યું કે શું નારદે દિવ્યાસ્ત્ર સંબંધે તને જે કહ્યું હતું તે શું તું ભૂલી ગયો?

અલ્પ—હલકા. પ્રયોગ—દિવ્યાસ્ત્રનો.

મારતા—મારનાર.

૧૩૫—

૩૧૬. સંહાર—નાશ.

ડારતા—ડરાવતા.

૧૩૬—

૩૨૩. વાજ આવ્યો—દુ:ખમાં આવ્યો.

૩૨૪. નામ—હારિયો !—યુદ્ધમાં સ્થિર એવું તેનું નામ છે. એટલે તે યુદ્ધમાંથી ડગે તેવો નથી, તે કેવો ગુણવાળો-ધર્મ પ્રમાણે ચાલનાર-છે, છતાં તે મૃગથી હાર્યો એ નવાઈ જેવી વાત છે !

૩૨૬. સેવ—વારિયો—ભડભીમને પણ ફાવવા ન દીધો એ પણ દૈવે કર્યું.

૩૨૭. ગાંડિવનો ધારનાર—અર્જુન.

શક્ર—ઇંદ્ર.

૩૨૮. અસુરને—પરવારિયો—રાક્ષસને મારનાર અર્જુન પણ પરવારિયો. તે પણ કાંઇ કરી શક્યો નહિ.

૩૨૯. કરે—સેવ—પ્રતિકૂળ સમય આવીને તેમની સેવા કરે છે, એટલે કે પ્રતિકૂળ સમયને લીધે તે-ઓ પણ હાર્યા.

૧૩૭—

૩૩૦. શો—ધારિયો—આ ઉપરથી શું ધારવું ?

૩૩૪. ભાર—વહ્યો—તેણે બાણનો ભાર નકામો ઉપાડયો, કારણ કે એટલાં બધાં બાણ છોડયાં છતાં એકે તે મૃગને વાગ્યું નહિ તેથી.

૩૩૫. શબ્દ વેધીપણું—માત્ર શબ્દ સાંભળીને નિશાન પાડવાની કળા.

૩૩૫—૩૩૬. શબ્દના ખખડાટની મદદથી તેણે લાખો તીરો માર્યાં, પણ કાર્ય સાધી શકાયું નહિ.

૩૩૭. સ્તબ્ધ—જડ—હાલ્યા ચાલ્યા વિનાના.

૧૩૮—

૩૪૨—૩૪૩—નામનું પાણી જાય એવું કાંઇ કરશો નહિ—નામને એબ લાગે તેવું કાંઇ કરશો નહિ.

૩૪૫. વાજી—ઘોડા.

૧૩૯—

૩૪૬. ગાજી—હામનું—કામ ફત્તેહ થશે એવું બતાવવા—ઘોડા ઘણા જોરથી ખોંખાર્યાં, અને હિંમતનું હૃદય કરીને ચાલ્યા, એટલે ગમે તે ઘણી હિંમતથી આગળ વધ્યા.

૩૪૭—૩૪૮. પાંડુના પુત્ર—પાંડવ—રાજા છે, અને રસ્તામાં કોઇ ચામર ધારનાર નથી, માટે ચામરને ઠેકાણે ઘોડાએ પોતાનાં પૂછડાં ઉંચા કર્યાં. ઘણા જોસથી દોડતી વેળા ઘોડામાં આ ખાસ ચત જોવામાં આવે છે.

૩૪૯—૩૫૦. રાજાનું દુઃખ સાંભળનાર કોઇ નથી, એમ જાણી ઘોડાઓએ કાન ઉંચા કર્યા—તેનુ દુઃખ સાંભળવા ઘોડા દોડતીવેળા કાન ઉંચા કરે છે.

૩૫૧—૩૫૨. કોઇ નેકી પોકાર નથી, તેમ જાણી ઘોડાઓ ખુંખારવા લાગ્યા—પાણીવાળા ઘોડા ખોંખારતા દોડે છે.

હય—ઘોડા—જદા—(યદા) જયારે.

૩૫૩—૩૫૪. નૃપાળ—માણુસનો પાળનાર—રાજાની આજ્ઞા માનનાર ત્યાં કોઇ નથી, તેમ ધારી તેઓ ખવાસના હાઠમાં દોડવા લાગ્યા.

૧૪૦

૩૫૬. અમોઘ—પોતાનું કાર્ય કરવામાં એકકા—સફળ.

૩૫૮. સાંયે—પકડે—કાબુમાં રાખે.

૩૫૮. તોય—સહી—તોપણ નક્કી ઘોડા ફટકે—પોતાની ઇચ્છામાં આવે ત્યાં ચાલ્યા જાય.

૩૬૦. લહી—જાણી.

૩૬૧. એતું—એટલું.

૧૪૧—

૩૬૨. પાણી—અંગ—શરીર ઉપર પરસેવો પરસેવો થઇ જાય છે.

૩૬૪. ખો'—આડમાં—રસ્તા વચ્ચે ઊંડું કોતર આવ્યું.

૩૬૫. સોઇ—સગવડ—યુક્તિ.

૩૬૬. કરાડ—ઊંડું કોતર.

૩૬૮. હાડમાં—શરીરમાં.

૩૬૯—૩૭૦. ધીંગો ધણી જે યુધિષ્ઠિર તે ઘોડાને ઘણું કષ્ટ આપતો નથી. સેવકો (ઘોડા) ઉપર *દયાલાવી તે કાયાએ કષ્ટ સહે છે. આ સ્થળે યુધિષ્ઠિર રથમાંથી ઉતરી પડે છે.

૧૪૨—

૩૭૧—૩૭૨. પાંચે પાંડવોને ઘોડાઓ જરા પણ દુઃખ દીધા વિના આટલે સુધી લાવ્યા હતા, તેથી તે બધા નીચે ઉતરી પડયા.

૩૭૩. ઉતરે—વારવાર—ખોમાં વારંવાર ઉતરે અને પાછા ટેકરા આવે ત્યારે તેના ઉપર વારંવાર ચડે.

૩૭૫. મા'રથી—મહારથી—પાંડવો.

૩૭૭. પા'ડ—પહાડ.

૧૪૩—

૩૭૮. માથમાં—માથામાં.

૩૭૯. શૂરા—કાંટાથકી—શૂરાઓ યુદ્ધમાં શસ્ત્રોના ઘા સહન કરી શકે છે, પણ કાંટા વાગવાથી તે પણ કાયર બની જાય છે.

૩૮૦. ઠેસ—ઠેસથી—જે શૂરવીર ઠેસ મારી રથ ભાંગીનાખે છે, તેઓ ઠેસખાઈ પડી જાય છે.

૩૮૧—૩૮૬. જે જેનું કામ હોય, તે તે કામ સારી રીતે કરી શકે છે. સ્વારીના ઘોડા ઉપર ખૂબ ભાર ભરવાથી તે પોતાનું પાણી બતાવી શકતો નથી. પાંડવો યુદ્ધ કરવામાં કુશળ હતા. પણ તેઓ કંઇ ખેપીઆ નહતા કે થાકયા વિના લાંબો અને વિકટ રસ્તો કાપી શકે.

૩૮૧. જોતર્યા—જોડયા.

૩૮૨. નૂર—તેજ.

૧૪૪—

૩૮૬. માર્ગ કષ્ટ—રસ્તાનું દુ:ખ.

૩૮૬. પેશ—ધંધો—પેશથી (ધંધાથી) ખેપીઆ નથી કે માર્ગ–કષ્ટ સહે.

૩૮૮. નારી—રડે—તેઓને અસહ્ય દુ:ખ સહન કરવું પડે છે, છતાં શું તેઓ સ્ત્રીનીપેઠે રડવા બેસે ? નહિજ. સ્ત્રીઓ દુ:ખ સહન કરી શકતી નથી, અને દુ:ખમાં રડવા લાગી જાય છે.

૩૮૯. આડું—હરકત—અડચણ.

૩૯૦. તે—દૈવ—તે દૈવ અપાર ઝાડી લાવ્યું–કમનસીબને લીધે તેઓના રસ્તામાં સૂઝ ન પડે તેવી ઝાડી આવી.

૩૯૧. કટ—કટદઇને—કટ એવો અવાજ કરીને.

૩૯૨. અડે—ડરે.

૩૯૩. સવિતા—સૂર્ય.

૧૪૫—

૩૯૪. સહુ પાર્થનીવડે—એ સઘળું અર્જુનને લીધે થયું.

૩૯૬. હાવાં—હવે.

૩૯૭. દાવ—લાગ.

૩૯૭. મારા—અરિ—મારા છોકરા (કર્ણ) ના આ દુશ્મનો છે.

૩૯૯. સુરરાજ—ઇંદ્ર—અર્જુન ઇંદ્રનો પુત્ર હતો તેથી.

૪૦૦. રોધને—અડચણમાં.

૪૦૧. તપ્ત કરીને—ગરમ કરીને.

૧૪૬—

૪૦૨. એવા—બોધને—એવા બોધને ધારી–એવી સમજણથી.

૪૦૩. પ્રેર્યો—મોકલ્યો.

૪૦૪. સુતને—અર્જુનને.

૪૦૪. વાયુ—રૂપમાં—ત્રણ રૂપમાં વાયુને–મંદ, સુગંધી અને શીતળ રૂપમાં વાયુ મારા પુત્રને શાંતિ આપ.

૪૦૬. સુલટ—રૂપમાં—પવન ફૂંકાવા લાગ્યો, પણ સૂર્ય આગળ તેનું કાંઇ વળ્યું નહિ. જ્યારે નસીબ ઉંધાં હોય છે, ત્યારે સવળા પાસા અવળા પડે છે. સારૂં કરવા જતાં ખરાબ થાય છે.

કૂપ=કુવો.

૪૦૮. થઇને તદ્રૂપમાં—તેનામાં પ્રવેશ કરીને.

૧૪૭—

૪૧૧. ગુપ્તપણે—છાનોમાનો.

૪૧૨. એક—જાણીને—એકલા અર્જુનના શરીરમાં પેસીશ, અને તેને જીવતો રાખીશ, અને જો બીજા મરી જશે, તો અર્જુન પણ મરી જશે, માટે બધાનાં શરીરમાં પેઠો. શેરડી ભેગું એરડીએ પણ પાણી પીધું.

૪૧૩. અમી—અમૃત-પાણી.

૪૧૪. અન્યરૂપ આણીને—પરસેવા રૂપે પાણી બહાર નીકળ્યું.

૪૧૫. રજ—ધૂળના રજકણ.

૪૧૬. પ્રાક્રમ—પરાક્રમ.

૧૪૮—

૪૧૮. માણીને—માપીને ?

૪૨૦. સૂતો—મુકામમાં—તે બ્રાહ્મણ પોતાના મુકામમાં સોડ તાણી નિરાંતે ભલે સૂઇ રહેતો. આપણાથી તેનું કામ થવાનું નથી.

૪૨૫. વૈદ્યકેરા કુંવર—અશ્વિનીકુમાર.

૧૪૯—

૪૨૬. સુમ—બોલ્યા ચાલ્યા વિનાનો.

૧૫૦—

૪૩૬. કાર્ય—નહિ—યુધિષ્ઠિરના મનમાંથી બ્રાહ્મણના કાર્ય (કાષ્ઠ લાવી આપવાનું) રૂપી અગ્નિ હોલવાતો નથી. તેના ચિત્તમાંથી તે વાત ખસતી નથી.

૪૪૦ બચ્યા—વનથી.

૧૫૧—

૪૪૪. કારથી—કાર્યથી—કામથી.

૧૫૨—

૪૫૧. ચાર—ચાર પાંડવ.

૪૫૬. અરૂપરૂ—ખાયને—પાણીને માટે અહીંતહીં જુએ છે, અને પાણીને અભાવે તરસ છીપાવવા પાંદડાં ખાય છે.

૧૫૩—

૪૬૩. આમળી પીપળી—બાળપણમાં પાંડવો કૌરવો સાથે આમલી પીપળીની રમત રમતા હતા તે વેળા.

૧૫૪—

૪૬૬. પડે—વ્યંગને—તે પડે એટલે શંકરને યાદ કરે અને આવા સંકટના વખતમાં તેની કોઈ ટીખળ—મશ્કરી—કરતા ન હતા.

ઉમાધવ—શંકર. વ્યંગ—મશ્કરી.

૪૭૨. ધર્મ કર્મ એ કળો—એ કામ યુધિષ્ઠિર રાજાનું છે, એમ સમજો.

૧૫૫—

૪૭૪. બગ જેવા નગ—બગલાં જેવા સફેદ રંગના પર્વત દૂરથી તે સફેદ દેખાય છે માટે.

૪૭૫. પડે—કાશ—ઘણે ઉંચેથી પાણીના ધોધ પડે છે.

૪૭૭. ચઢી—મોતી—હાથીના માથામાં મોતી જેવા દેખાતા તે જળના કણ ઉંચા પર્વત ઉપર ચઢીને કોણ લાવે ?

૪૭૮. મૌક્તિથી—ભણાય છે ? અને ધારો કે કોઈ તે લાવે

તો મોતીથી તરસ છીપે છે એવું ક્યાંઇ પણ કહેવામાં આવે છે?

૪૮૦. ચણાય છે—વિચાર થાય છે.

૧૫૬—

૪૮૨. મૃગજળ—ઝાંઝવાનાં પાણી.

૪૮૮. દા'ડા—પડી—અમારા નઠારા દહાડા આવ્યા છે. અમરા ઉપર શું દુ:ખ પડવામાં હવે કંઇ બાકી રહ્યું છે? કંઇ રહ્યું નથી.

૪૮૯. લુભ્યા—લોભાઇને.

૧૫૭—

૪૯૦. છત—છડી—છતને તેં છડીનાંખી–અમારી છતનો–શક્તિ, વૈભવ, વગેરેનો–તેં નાશ કર્યો.

૪૯૨. પડયા—ખાડા—આંખોમાં ઊંડા ખાડા પડવાથી તે બિહામણા દેખાય છે.

૪૯૪. દવકેરૂં—બળથી—દવ આ તરફ આવી પહોંચશે, તો તેનાથી બમણું દુ:ખ થશે એવું લાગવાથી તે લાગ જોઇને નીચે ઉતરવા લાગ્યો.

દૂણું=બમણું. વળથી=વળજોઇને–લાગ જોઇને.

૧૫૮—

૪૯૮. કારંડવ—કળથી—જળચર પક્ષી અસ્પષ્ટ પણ મધુર ઉચ્ચારથી અવાજ કરે છે.

કિલ=કિલકિલ અવાજ કળ=અસ્પષ્ટ અને મધુર ઉચ્ચાર.

૫૦૦. દ્વિજ—પક્ષી—પક્ષીનો પણ બે વખત જન્મ થાય છે. તે ઉપરથી–એક માદાના ગર્ભસ્થાનમાંથી અને બીજો ઇંડાંમાંથી.

૫૦૫. ધર્મ—જે—જે ધર્મને ધ્યાનમાં ધારે છે-પોતાની ફરજ અદા કરવા જાય છે-તે ઘણું દુઃખ પામે છે?

૫૦૬. સુખ—જુડતાં—શાસ્ત્રકારો કહે છે કે તેવા માણસને પાછળથી સુખ થાય છે, એવું તેઓ ખરૂં ખોટું સમજાવે છે. આવા માણસો પાછળથી સુખી થાય છે એમ ખરૂં હશે કે ખોટું તે કોણ જાણે છે.

લોકોપયોગી સસ્તુ સાહિત્ય.

આ સીરીઝ છપાવી પ્રસિદ્ધ કરવાનો પ્રકાશકનો હે ગુજરાતી કવિતાનાં સસ્તાં અને સારાં પુસ્તકો પુરાં પાડવાનં છે. દરેક બુકમાં ૫૦૦ થી ૫૫૦ લાઇનોનો સમાવેશ કરેલે છે, અને તેની સાથે જરૂરી નોટ પાછળના ભાગમાં આપવામ આવી છે. દરેક બુકની કીંમત ૦—૨—૦ છે.

ગ્રંથ ૧. ઇંદુ બિંદુ.

ગ્રંથ ૨. શામળશાનો વિવાહ.

,, ૩. અગ્નિમંથનકાષ્ટહરણ.

નિબંધ.

આ ગુજરાતી એસે બુકમાં નવી પદ્ધતિ પ્રમાણે ઉપયોગી નિબંધો લખેલાં છે અને છઠ્ઠા, સાતમા ધોરણના તેમજ સ્કુલફાઇનલ પરીક્ષામાં જનારા વિદ્યાર્થીઓને ઘણા ઉપયોગી છે. નિબંધ લખવાનો શરૂ કરતાં અગાઉ તેના વિભાગ, લખવાની રૂઢી વીગેરે વિસ્તારથી સમજાવેલું છે. કીંમત ૦—૧૨—૦.